# A.G.Teachers College,CTE- Ahmedabad (Gujarat)

ધોરણ - ૮

ગુજરાતી

**ઈ-બુક**

વર્ષ:૨૦૨૨-૨૩

**Prof. Dr.R.M.Patel**

| પાઠ ક્રમાંક | સત્ર | પાઠ / કાવ્ય | સાહિત્ય પ્રકાર | લેખક/કવિ | લિંક બનાવનાર તાલીમાર્થી | લિંક |
|---|---|---|---|---|---|---|
| 1 | 1 | બજારમાં | ચિત્ર પાઠ | ........... | Pending | |
| 2 | 1 | એક જ દે ચિનગારી | પ્રાર્થના ગીત | હરિહર ભટ્ટ | Pending | |
| 3 | 1 | જુમો ભિસ્તી | બોધકથા | ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી | દિશા સુરેશ મહેતા (104) | https://drive.google.com/file/d/1np7Jlm2kuoBbBozu6PexfDBqOa8RzKAn/view?usp=drivesdk |
| 4 | 1 | હું તને ઓળખું છું માં! | ઊર્મિગીત | મનોહર ત્રિવેદી | દિશા સુરેશ મહેતા (104) | https://drive.google.com/file/d/1j3lt8lDMMqi_TlU1vqKCu4daQga4M1Cj/view?usp=drivesdk |
| 5 | 1 | એક મુલાકાત | અહેવાલ | સંકલિત | Pending | |
| 6 | 1 | ધૂળિયે મારગ | ઊર્મિગીત | મકરંદ દવે | ગઢવી પૂજા અજીતસિંહ (102) | https://drive.google.com/file/d/1KWFj0UJ5H4fDdqycGemyYsO20BR64lnk/view?usp=drivesdk |
| 7 | 1 | દેશ ભક્ત જગડુશા | નાટક | રમણલાલ સોની | Pending | |
| 8 | 1 | આજ આનંદ | લોકગીત | ........... | Pending | |
| 9 | 1 | દીકરાનો મારનાર | લોકકથા | ઝવેરચંદ મેઘાણી | Pending | |
| 10 | 1 | અઢી આના | જીવન પ્રસંગ | સ્વામી સચ્ચિદાનંદ | Pending | |
| 11 | 2 | વળાવી બા આવી | સૉનેટ | ઉશનશ | બારીઆ જયાબેન કેવળસિંહ (101) | https://drive.google.com/file/d/1dqlx6uFHDhZMTgmzDxwqy2xIH3SjfPqS/view?usp=drivesdk |
| 12 | 2 | નવા વર્ષના સંકલ્પો | હાસ્ય નિબંધ | બકુલ ત્રિપાઠી | ગઢવી પૂજા અજીતસિંહ (102) | https://drive.google.com/file/d/1IHOBrFJAi65TT67Q3jynSn_szdRxZAKG/view?usp=drivesdk |
| 13 | 2 | શરૂઆત કરીએ | ગઝલ | હર્ષ બ્રહ્મભટ્ટ | મકવાણા કિરણકુમાર ગેમરભાઈ (103) | https://drive.google.com/file/d/1hEt0LVpLV2jxunKvIcbcY-gnNl0EFYjD/view?usp=drivesdk |
| 14 | 2 | સાકરનો શોધનારો | એકાંકી નાટક | યશવંત પંડ્યા | Pending | |
| 15 | 2 | અખંડ ભારત ના શિલ્પી | ચરિત્ર લેખ | ડૉ. રાઘવજી માધડ | પરમાર પાયલ (105) | https://drive.google.com/file/d/1--e-bnI02YhIttoNo08gTpRVh79dhDuV/view?usp=drivesdk |
| 16 | 2 | સુદામો દીઠા શ્રી કૃષ્ણ દેવ! | આખ્યાન | પ્રેમાનંદ | Pending | |
| 17 | 2 | સંસ્કારની શ્રીમંતાઈ | કુટુંબ કથા | કુન્દનિકા કાપડિયા | મકવાણા કિરણકુમાર ગેમરભાઈ(103) | tUWsVAkuucYqcRQ0Og5xnAac4FBJTWO/view?usp=drivesdk |
| 18 | 2 | દુહા - મુક્તક - હાઇકુ | પદ્ય પ્રકાર | ........... | Pending | |
| 19 | 2 | સાંઢ નાથ્યો | નવલકથાખંડ | ઇશ્વર પેટલીકર | બારીઆ જયાબેન કેવળસિંહ (101) | https://drive.google.com/file/d/1ccsUDklXd8Ga-nkLLwgOCfxMKB4jClhJ/view?usp=drivesdk |
| 20 | 2 | બહેન નો પત્ર | પત્ર | મણિલાલ હ. પટેલ | Pending | |
| 21 | 2 | કમાડે ચીતર્યા મે. .... | ગીત | તુષાર શુક્લ | પરમાર પાયલ (105) | 3v_4hsX4cttrmVvi2avtQcAgOoMWdOx/view?usp=drivesdk |
| 22 | 2 | કિસ્સા - ટુચકા | ટુચકા | સ્વામી આનંદ | Pending | |
| 23 | 2 | ઈચ્છા કાકા | વાર્તા | ચુનીલાલ મડિયા | Pending | |
| 24 | 2 | આવકારો | ભજન | દુલા ભાયા કાગ | Pending | |
| 25 | 2 | ઘડતર | સૉનેટ | પ્રતાપસિંહ રાઠોડ | Pending | |
| 26 | 2 | વિરલ ત્યાગ | પ્રસંગ લેખ | ડૉ. ગંભીરસિંહ ગોહિલ | Pending | |
| 27 | 2 | ચાલો મળવા જઈએ! | નિબંધ | વિનોદિની નીલકંઠ | Pending | |

# "HEALTH IS WEALTH"

Kadri Kashiyanafirdosh



Sanjay and Prasad were good friends. Prasad was a very rich man who believed that wealth was everything in life. Prasad worked very hard to earn money and felt that since he was working hard, he had every right to enjoy life too.

Prasad led lavish lifestyle and partied all night, paying scant attention to his health. Sanjay on the other hand believed that a healthy mind was far more important than money.

Sanjay exercised regularly and was very careful about timely and healthy meals. As he grew wealthier, Prasad became addicted to alcohol and became a drunkard. When Sanjay tried to discipline him, Prasad brushed aside his concerns as being stupid.

One night as he was returning home from a party, Prasad was under the influence of alcohol and lost control of the car he was driving. An accident happened there and Prasad was taken to hospital in serious condition.
As a result the car crashed against a lorry and he was badly injured. After prolonged hospitalization Prasad recovered but he had had injured his spine so badly that he was confined to a wheel chair for life.

Sanjay was pained to see his friend in this state but he had warned him enough number of times. Although Prasad had more than enough money and facilities to live a life of extreme comfort, his movements were restricted due to lack of health.

If he had paid attention to his friend's words and took them serious, Prasad would not have been in this bed-ridden condition for the rest of his life. Of course, the best things appear only after the time is over for them.

No amount of wealth could bring hack his health to its old condition. He was very depressed and disappointed and only now. realized the true worth of his friend's advice - good health was always better than any amount of wealth.
A Healthy body paves the way for a healthy mind. When the mind is at peace a lot can be achieved in terms of name, fame and money. Having excessive wealth without good health is of no use.

No amount of wealth will be able to bring back a broken limb or handicap. At best wealth can only get the best treatments but cannot give back healthy body. With a healthy body even impossible feats seem easy.

A. G. TEACHERS COLLEGE AHMEDABAD 380 009

I/C Principal
A. G. TEACHERS COLLEGE, CTE,
AHMEDABAD

"મફતનું ખાવું અને મંદિરમાં સૂવું"


નામ : ગમાર સુજાતા. બી

રોલ નંબર : ૪૫

વિષય : ગુજરાતી




વત્સલ નામના દેશ પર વત્સરાજ નામનો રાજા રાજ કરતો હતો. રાજા વિદ્વાન હતો. તથા બીજા વિદ્વાન ગુરૂઓનો તે ખૂબ જ આદર કરતો હતો. રાજાની માન્યતા હતી કે વિદ્વાનોને રાજ્યાશ્રય મળે, રાજ્ય તરફથી બધી જ સગવડો મળે તો તેઓ વિદ્યાપ્રાપ્તિમાં વધારે સમય ગાળી શકે. ઘણા ગરિબ બ્રાહ્મણ ગુરૂઓનો મોટા ભાગનો સમય ભિક્ષા કે દાન-દક્ષિણા માંગવામાં જ પૂરો થઈ જાય છે તેથી આવા વિદ્વાનોને રાજા રહેવા-ખાવા-પીવાની સગવડ વિનામૂલ્યે આપે, તો તેમના જ્ઞાનનો વધુ સારો ઉપયોગ થઈ શકે.

ચાર્વાક નામનો એક વિદ્વાન ગુરૂ હતા. તે વત્સલ દેશના એક અજાણ્યા ખૂણામાં રહીને ઘણા બધા શિષ્યોને જ્ઞાન આપતા હતાં. રાજા સુધી તેમના અગાધ જ્ઞાનની વાત પહોંચી. રાજા વત્સરાજે ચાર્વાક ગુરૂને રાજ્યાશ્રય આપવાનું નક્કી કર્યું. રાજાએ રાજધાની પાસે ચાર્વાક માટે મોટો આશ્રમ અને શાળા બનાવડાવી. eરાજાએ ચાર્વાક ઋષિને ખૂબ માન આપીને તેમના જીવનનિર્વાહની તેમજ શાળા ચલાવવાની બધી જ આર્થિક જવાબદારી સ્વીકારી લીધી.

વર્ષો સુધી ગુરૂ ચાર્વાકે પોતાની આશ્રમશાળામાં અનેક શિષ્યોને વિવિધ વિદ્યામાં પારંગત કર્યા. વત્સલ દેશના વિદ્વાન વિદ્યાર્થીઓ દેશ-વિદેશમાં સારી નોકરીઓ મેળવવા લાગ્યા. સમય જતા ધીરે ધીરે ગુરૂ ઘરડા થતાં ગયાં, અને એક દિવસ તેઓ અવસાન પામ્યા. તેમના સૌથી વધારે હોંશિયાર શિષ્ય શાલિભદ્રએ નવા ગુરૂ તરીકે હોદ્દો સંભાળ્યો. શાલિભદ્ર હોંશિયાર તો ખૂબ હતો, પરંતુ રાજ્ય તરફથી મફતમાં મળતી મદદને લીધે તે ધીમે ધીમે આળસું થઈ ગયો. તેણે નવા નવા પુસ્તકો વાંચવાનું બંધ કર્યું. તે એશ આરામમાં જીવવા લાગ્યો. નવું શીખવાની તેમજ શીખવવાની વૃત્તિ તેનામાંથી ઘટતી ગઈ.

એક દિવસ રાજા વત્સરાજે બધા ગુરૂઓની પરિક્ષા લેવાનું નક્કી કર્યું. રાજાએ બધા ગુરૂઓને એક પત્ર લખ્યો અને તેમાં ત્રણ પ્રશ્નો લખ્યા.

સમુદ્રની ઊંડાઈ કેટલી છે ?

આકાશમાં તારા કેટલા છે ?

કઈ વસ્તુ શાશ્વત છે ? એવી કંઈ વસ્તુ છે કે જે નાશ પામતી નથી ?

શાલિભદ્રે રાજાનો પત્ર વાંચ્યો અને તે ચિંતામાં પડી ગયો. કારણ કે તેને તેમાંથી એક પણ પ્રશ્નનો જવાબ આવડતો ન હતો. હવે રાજાને મોઢું શી રીતે બતાવવું ? જો જવાબ ન આપે તો નીચાજોવા જેવું થાય. ગુરૂ તરીકેનું સ્થાન પણ મફતમાં મળતી બધી જ સહાય અને સુખશાંતિ ગુમાવવા પડે. શાલિભદ્ર મફતમાં મળતી સાહ્યબીથી ટેવાઈ ગયો હતો. તેણએ ત્રણેય પ્રશ્નના જવાબ શોધવા માટે ઘણી મહેનત કરી, પરંતુ ક્યાંય જવાબ મળ્યા નહિ, ચિંતામાં ને ચિંતામાં તેનું વજન ઘટવા લાગ્યું. વાળ ઊતરવા લાગ્યા, મોં પર કરચલીઓ પડી ગઈ.

શાલિભદ્રના રસોઈયાનું નામ શંકર હતું. શંકર રોજ પોતાનું કામ ઝડપથી પતાવીને આશ્રમશાળામાં વાંચવા બેસતો. તેને જ્ઞાન મેળવવાની સાચી ઝંખના હતી. એકલવ્યની જેમ તે ગુરૂ વગર જ્ઞાની થયો હતો. પોતાના માલિકને આમ દિવસ-રાત ચિંતા કરતા જોઈને શંકરે પૂછ્યું, ગુરૂજી, આપ શી ચિંતામાં પડ્યા છો ? આપની તબિયત તો સારી છે ને ? હમણાંથી આપ કેમ પેટ ભરીને જમતા પણ નથી ?

શાલિભદ્રે પોતાના હૃદયની વાત રસોઈયાને કરી. તેણે ગૂરને કહ્યું, આપ ચિંતા ન કરશો. તમારા કપડા મને આપી દો. કપડા પહેરીને હું મહારાજને જવાબ આપીશ.


A. G. TEACHERS COLLEGE AHMEDABAD 380 009

I/C Principal
A. G. TEACHERS COLLEGE, CTM
AHMEDABAD

# "EASY COME , EASY GO"

Name - Meghna Rawat
Roll No.- 38 (Sem -2)



Through the dim light at dawn there was a gleaming mansion in white , where a happy family resided. The mansion was filled in with the cheerful laughter of each and every family member.

One day there comes a new life in the family, a baby boy who is named George. From the starting, George got floods of love from the family and was pampered as he was the youngest in the house. He was admitted to school but he achieved everything in his life because of the power and position his family holded in the society. In his middle school he caused big trouble at school but got over it with his parents' help. He later majored in business but with the help and power of money only without facing any hardships. At that time his grandfather told him that things which we achieve easily also vanish in seconds from our life, but at that time George ignored it.

Later the reality hit him hard when he started handling his family business. His head got dizzy, heart pounded heavily because his degree was just for display on the pretty wall of his room.

Slowly the company suffered losses and every hard earned penny acquired by his ancestors vanished like dust leaving George in deep thought of lines which were once said by his grandfather.

MORAL OF STORY: "Easy come easy go"

"ઘરડાં જ ગાડા વાળે"

નામ : રવિના દેસાઈ



અર્થ : અનુભવી માણસની સલાહ લેવી

રામપુર નામનું એક ગામ હતું. આ ગામમાં એક કન્યાના લગ્ન હતા. કન્યા પક્ષના લોકોએ જાનૈયાવાળા એવું કીધું કે તમારી જાનમાં ઘરડા માણસ ના આવવા જોઈએ. તેથી જાનમાં કોઈ ઘરડુ માણસ આવતું નથી. પરંતુ એક ઘરડો માણસ છુપાઈને આ જાનમાં આવે છે. આ વાતની જાણ જાનૈયાવાળાઓને પણ હોતી નથી. જાનૈયાવાળા આવે છે ત્યારે કન્યાપક્ષ વાળા લોકો માંગ કરે છે કે, અમારા ગામનું તળાવ છે તે ઘીથી ફરી આપો. ત્યારે જાનૈયા વાળા ચિંતિત થઈ જાય છે કે આ આવડું મોટું તળાવ ઘીથી કેવી રીતે ભરવું. આમાં તો કેટલું બધું ઘી જોઈએ ! ત્યારે પેલા જે જાનમાં આવ્યા હતા તેમને કીધું કે, કન્યા પક્ષના લોકોને એમ કહો કે અમને પહેલા આ તળાવ ખાલી તો કરી આપે.ત્યારે કન્યા પક્ષના લોકોને ખબર પડે છે કે આ જાનમાં કોઈ ઘરડો માણસ આવ્યું છે.

બોધ : ઘરડા માણસો તેમના અનુભવોને લીધે આપણને ઘણું બધું શીખવાડે છે તે આપણે શીખવું જોઈએ.

A. G. TEACHERS COLLEGE AHMEDABAD 380 009

I/C Principal
A. G. TEACHERS COLLEGE, CTE,
AHMEDABAD

## "A positive mindset brings positive things"

– Philipp Reiter

Chauhan Presha Jaykumar



In this quote, by German ski mountaineer Philipp Reiter has shown the importance of positive thinking required in everyone's life. The necessity of positive thinking can be known from a very interesting story....

Once there was a big kingdom, which was famous for his king and his unique and cruel ways of punishing the sinister or traitor. There was a person in this kingdom, who was becoming famous rapidly because of his negative thinking. This person was never found appreciating anything; rather he would criticize each and every thing / event that would take place in the kingdom.

One day king got to about this person, for the purpose of teaching him a lesson and set an example to stop excessive negative thinking, the king commanded his soldiers to present this person in court. When this person was presented, the king asked him that why was he having such a negative energy in himself? Why he kept having negative thoughts about every little thing? In response to the king's questions, this man rudely answered saying, "What to think and how to think is up to me!! I enjoy being a negative person! So what?!!"

Listening to his answer, the king got furious and declared that, "This man should be blindfolded taken to the dark room (where the punishments were undertaken always) and be bitten by the most venomous snake!" Also the king added, "This punishment should be completed within 2 days only!"

Hearing to the king's verdict, this man started thinking negatively. Only one thing was echoing in his mind, "I'm going to die! I'm going to die!". Now on the day of punishment, soldiers brought this man to the dark room blindfolded and followed the instructions given by the king. The soldier just poked a small needle instead of the venomous snake and surprisingly within a flinch of time, this person died!

Everyone present at that place was shocked! How a person can die just by poking a needle. After some research, it was found that because of his negative thinking this person died. His fear of death, his constant negative thinking, the negative aura around him (created by himself) killed him.

Now it's your time to think..... What can be the consequences of excessive negative thinking?.... What changes can we bring to our life by developing positive thinking??

Thank You

I/C Principal
A. G. TEACHERS COLLEGE, CTC
AHMEDABAD

આમ શાલિભદ્રના વેશમાં શંકર દરબારમાં પહોંચ્યો. રાજા તેને શાલિભદ્ર જ સમજી બેઠા. તેણે ત્રણ જવાબો આ પ્રમાણે આપ્યા.

એક પથ્થર ડૂબી શકે તેટલી જ દરિયાની ઊંડાઈ છે. (દરેક જગ્યાએ જુદી જુદી હોય છે)

આકાશમાં **9999999999** તારા હોય છે. વત્તા ઓછા હોય તો આપ ગણાવી લો,

જગતમાં ન બદલી શકાય તેવી શાશ્વત વસ્તૂ માત્ર એક જ છે, તે છે સત્ય. સત્ય હંમેશ સત્ય જ રહે છે. જે સાચું બોલે છે તેણે બોલેલું કદીયે યાદ રાખવું પડતું નથી. પરંતુ હે રાજા, સત્ય કહેવા માટે જેમ હિંમતની જરૂર પડે છે તેમ સાંભળવા માટે પણ એટલી જ હિંમતની જરૂર પડે છે.

રાજા શંકર ઉપર ખૂબ જ ખૂશ થઈ ગયા તેણે ત્રણેય જવાબ ખૂબ જ હોંશિયારીથી આપ્યા હતાં. તેમણે પૂછ્યું, ગુરૂજી આપની શાળાને વધુ મદદની જરૂર હોય તો બોલો, આપ માંગો તેટલું ધન આપવા માટે હું રાજી છું.

શંકરે શાલિભદ્રના કપડા ઉતારીને કહ્યું, મહારાજ સત્ય સાંભળવા માટે પણ હિંમતની જરૂર પડે છે. હવે હું આપને સત્ય કહેવા માંગુ છું હું શાલિભદ્ર નહિ પણ તેમનો રસોઈયો શંકર છું. મારા ગૂરૂને અજ્ઞાનથી પીડાતા જોઈને તેમને બદલે અહી આવ્યો છું. મારા ગુરૂને મદદ કરવી એ મારી પ્રથમ ફરજ છે. મારી આ ભૂલ માટે આપ મને જે કાંઈ પણ સજા આપશો તે હું સ્વીકારવા માટે તૈયાર છું.

રાજાને ખૂબ નવાઈ લાગી. જો કે તેમને શંકર ઉપર ગુસ્સો પણ એટલો જ આવ્યો હતો. પરંતુ તેમણે કહ્યું, શાલિભદ્રને સ્થાને તને મહાગુરૂનું સ્થાન આપવા ઈચ્છું છું.

શંકરે તરત જ જવાબ આપ્યો કે, મને મફતમાં કાંઈ ન ખપે. પરસેવો પાડ્યા વગર જ્યારે વધુ પડતી સંપત્તિ મળી જાય છે ત્યારે માણસની હાલત ખરાબ થઈ જાય છે. તે તદ્દન આળસું થઈ જાય છે. ત્યારે તેને મન પૈસાની કોઈ જ કિંમત રહેતી નથી, મને તો મારૂ કામ ગમે છે. આશ્રમશાળામાં હું રસોઈનું કામ કરૂ છું. અને વધારાના સમયમાં પુસ્તકો વાંચીને જ્ઞાન પણ મેળવી શકુ છું.

રાજાને શંકરની વાત સાચી લાગી. સત્ય સાંભળવું અઘરૂ છે. પરંતુ સત્ય જ શાશ્વત છે. રાજાએ નિયમિતપણે આશ્રમોની મુલાકાત લેવાનું શરૂ કર્યું અને વધું પડતી મદદ આપવી બંધ કરી.

બોધઃ-જે સાચું બોલે છે તેને બોલેલું કદીયે યાદ રાખવું પડતું નથી.

## "મદદ માટે ની પોકાર સાંભળો અથવા વાર માટે તૈયાર રહો!"

NAME: MRUNALI THAKKAR



એક વાર એક છોકરી રસ્તા પર જય રહી હતી. તયાં તેની સાયકલ રસ્તાના એક ખાડામાં ફસાઈ જાય છે. છોકરી સાયકલ નીકળવા બહુ મહેનત કરે છે. પણ સાયકલ નીકળતી નથી અને તે પણ ખાડામાં ફસાઈ જાય છે આથી તે મદદ માટે બૂમો પડે છે. આ સમયે એક જિમમાં કામ કરતો છોકરો આ બધું જોવે છે. તે આ છોકરીને મદદ કરી શકે એમ હોય છે. તે મદદ કરવાનું વિચારે છે. પણ પછી એને એવો વિચાર આવે છે કે મારે શુ? હું શું કરવા મારો સમય ખરાબ કરું એના કરતા હું જિમમાં જઈને મારી કસરત ના કરું. આમ તે જતો રહે છે. આ બાજુ ખાડાથી કંટાળેલી છોકરી એક પથ્થર લઇને રસ્તા તરફ ફેંકે છે. જે પેલા છોકરાના હાથ પર વાગે છે.

આમ સારું કરવાની તાકાત અને શક્તિ હોવા છતાં જો મદદ ના કરીએ તો એ પણ પાપ જ છે. ખરાબ કરવું જ ખરાબ નથી. સારું ના કરવું પણ એટલુ જ ખરાબ છે. આથી અપડે હંમેશા બીજા ને મદદરૂપ થવાની ભાવના કેળવવી જોઇએ. એટલે જ તો કહેવાયું છે કે, દુર્જનની દુર્જનતા કરતા સજ્જનનું મૌન વધારે ખરાબ છે.

A. G. TEACHERS COLLEGE AHMEDABAD 380 009

I/C Principal
A. G. TEACHERS COLLEGE, CTE,
AHMEDABAD

# "જેવા સાથે તેવા"

દ્વિવેદી નિલાંગ ચંદ્રેશભાઇ
રોલ નંબર-૧૪
એ.જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ



એક બગલો નદી કિનારે રહેતો હતો.

એક દિવસ એક શિયાળ નદીમાં પાણી પીવા આવી ચડ્યું. શિયાળ અને બગલા વચ્ચે વચ્ચે ઓળખાણ થઈ. વાતવાતમાં બંને પાકા ભાઈ બંધ થયા. શિયાળ મોઢેથી તો મીઠું મીઠું બોલે પણ અસલમાં એની દાનત હતી ખોરા ટોપરા જેવી. એક દિવસ શિયાળ કહે - બગલાભાઈ! તમે મારા દોસ્ત થયા. તમને ખીર ભાવે છે ને? કાલે હું ખીર બનાવી તમારા માટે લેતો આવીશ. તમે પેટ ભરી તે ખાજો બગલાએ કહ્યું સારું.ચાલાક શિયાળ પહોળી તાસકમાં ખીર પીરસીને લઈ આવ્યું. શિયાળે બગલાને કાંઠે બોલાવ્યો. શિયાળ કહે - લો બગલાભાઈ, તમે નિરાંતે ખીર ખાઓ. હું તાસક પકડી રાખું છું!

બગલો ખીર ખાવા ગયો પણ તાસક હતી છીછરી ને બગલાની સીધી અણીદાર ચાંચ એટલે એ ખીર ખાઈ શક્યો નહિ. એ જોઈ શિયાળ મનમાં ને મનમાં મલકાયું.

બગલો મનમાં સમસમી ગયો. એણે કહ્યું - વાહ, શિયાળભાઈ! તમે મારા માટે કેટલી સરસ ખીર બનાવી છે! એની સુંગધથી જ મારું પેટ ભરાઈ ગયું છે. હવે એમ કરો આવતી કાલે તમે મારે ત્યાં જમવા આવજો. હું તમારા માટે તમને ભાવતી બાસુંદી બનાવીને તૈયાર રાખીશ.

પોતાની ભાવતી વાનગી જમવાનું આમંત્રણ મળતાં શિયાળ રાજી રાજી થઈ ગયું અને પોતાના ભાગની તેમ જ બગલાના ભાગની ખીર સફાચટ કરી ગયું.

બીજે દિવસે શિયાળ બગલાને ઘેર જમવા પહોંચી ગયું. બગલાએ સાંકડા મોં વાળા બે કૂંજામાં બાસુંદી ભરી તૈયાર રાખી હતી.

બગલો કહે - તમને બાસુંદી ભાવે છે. એટલે મેં બાસુંદી બનાવી છે. લો શિયાળભાઈ ખાવ. આમ કહી બગલાએ શિયાળ પાસે એક કૂંજો મૂકયો. બીજા કૂંજામાં બગલો પોતાની ચાંચ બોળી બાસુંદી ખાવા માંડયો.

શિયાળ બાસુંદી ખાવા ગયું પરંતુ એનું મોં કૂંજામાં પેસી જ ન શક્યું. તે કૂંજો હાથમાં પકડી બગલાને બાસુંદી ખાતો જોઈ જ રહ્યું. બગલાની યુક્તિ શિયાળ સમજી ગયું. એ નરમ અવાજે બોલ્યું - બગલાભાઈ, તમારી બાસુંદીની સુવાસથી જ મારું પેટ ભરાઈ ગયું, હોં! આમ કહીને વીલા મોઢે એ જતું રહ્યું.

શિયાળને જતું જોઈ બગલો મનમાં ને મનમાં કહે - જેવા સાથે તેવા થઈએ તો જ ગામ વચ્ચે રહેવાય, સમજ્યા!

A. G. TEACHERS COLLEGE
AHMEDABAD
380 009

I/C Principal
A. G. TEACHERS COLLEGE, CTE,
AHMEDABAD

# "શેઠાની શિખામણ ઝાંપા સુધી"

નામ – પટેલ પૂજા એમ.



જ્યારે ભારત પર મુસ્લિમો નું શાસન ચાલતું હતું એ સમયની વાત છે. એક શેઠે પોતાના મુનીમ ને બધી ભલામણો કરી દિલ્હી મોકલ્યા અને કીધું અહીયાં આટલા પૈસા ભરવા અને આટલી ઉઘરાણી કરવાની છે. મુનીમ બહાર નીકળતા નીકળતા બોલ્યા શેઠ ની શિખામણ ઝાંપા સુધી.

શેઠને તો ગુસ્સો આવ્યો. શેઠ હતા વાણિયા એટલે કાઇ બોલે નહિ.પણ કઈક કરીને પોતાને બદલો વાળે, ત્યારબાદ શેઠે કહ્યું મુનીમ કેમ આવું બોલ્યા, ત્યારે મુનીમે કહ્યું કે સાચીતો વાત છે. તમે જે શિખામણ આપો તે ઝાંપા સુધીજ હોય, પછી તો તમે ક્યાં જોવા આવવાના છો , પછી તો મારે જ કરવાનું છે, જે કરવું છે તે. શેઠે પછી એક યુક્તિ કરી. એક સરસ મજાનાં પૅકિંગ ને એક સરસ મજાની ભરતભરેલી થેલીમાં મૂકીને પેક કરી મુનીમને આપ્યુ અને કહ્યું કે લ્યો આ લઈ જાઓ , દિલ્હી જઈને આ ભેટ બાદશાહ સલામત ને આપજો. મુનીમ એ કહ્યું સારું, મુનીમે ભેટ અને કામકાજ ના કાગળિયા લઈ દિલ્હી જવા રવાના થયા. દિલ્હી જઈને કામકાજ પતાવ્યા અને ત્યારબાદ છેલ્લે બાદશાહના દરબારમાં ગયા. દરબારમાં જઇ બાદશાહ ને સલામો કરી અને વાણિયા એ આપેલી ભેટ આપી. બાદશાહ સલામત ખૂબ જ ખુશ થયા , પછી કારણકે ભેટ એટલી સુંદર રીતે પેક કરેલી હતી કે કોઈપણ જોઈ ને ખુશ થઈ જાય. બાદશાહે પૅકિંગ ખોલ્યું , જેવુ ખોલ્યું તેવાજ બાદશાહ ગુસ્સે થયા, અને મુનીમ ને કહ્યું આ શું? બાદશાહ ને ઉકરડે નાખે તેવી વાળની ભેટ આપી છે. બાદશાહ તો ખીજાયા, તરત જ મુનીમ ને ફાંસીના માંચડે ચઢાવી દેવાનો હૂકમ આપ્યો.

મુનીમ ને ફાંસી આપવાના સ્થળે લાવવામાં આવ્યો અને ગળે ફાંસીનો ફંદો લગાડવામાં આવ્યો. ત્યારે મુનીમે બાદશાહને કહ્યું બાદશાહ મારી છેલ્લી ઈચ્છા છે જે મારે મરતા પહેલા તમને જણાવવી છે. બાદશાહે કીધું હા બોલ હું તારી અંતિમ ઈચ્છા પૂર્ણ કરીશ. મુનીમ બોલ્યા બાદ્શાહ સલામત તમને જે ભેટ મળી છે વાળની તેમાથી થોડા વાળ મારી અંતિમક્રિયા વખતે મારા શરીર પર મુકજો અને બીજાબધા વાળ મારા ઘરપરિવારને પાછા પહોચાડી દેજો. બાદશાહને નવાઈ લાગી. બાદશાહે પૂછ્યું કેઆ વાળનું તું શું કરીશ? મુનીમએ કહ્યું બાદશાહ મારા શેઠ એટલા મૂર્ખ પણ નથી, કે તમને ઉકરડે નાખીદે તેવા વાળની ભેટ આપે. વાળમાં એવુતો કઈક કારણ છુપાયેલુ હશે. આ વાળ ગિરનારની પરિક્રમા કરતાં કરતાં એક એક સાધુના છે કે જેમણે હજારો વર્ષો ની તપસ્યા કરેલી છે અને તેમનો એક એક વાળ ભેગો કર્યો છે. આ વાળથી જ તો મારા શેઠનો ધંધો આટલો સારો ચાલી રહ્યો છે. એટલેજ અમારા શેઠ આટલા સુખી અને સંપતિવાળા છે અમારા શેઠે એટલે આ ભેટ તમને આપી છે કારણકે તમારા રાજકીય ખજાનામાં ક્યારેય ખોટ ના પડે અને દિવસો દિવસ ખજાનો વધતો જાય જેથી તમારી ઉત્તરોતર પ્રગતિ થાય. પણ તમારા નસીબમાં એ નથી આ સાંભળી બાદશાહ ચોકી ગયા. અને મે પણ વિચાર ના કર્યો કે કોઈ પણ વ્યક્તિ હિંદુસ્તાન ના બાદશાહ સલામતને આવી ભેટ ક્યારેય ના આપે. મારો પણ એ વાંક છે આવું કહી મુનીમને છોડીને તેમણે દરબારમાં લાવવામા આવ્યા.

મુનીમને તામ્રપત્ર, સોનું , ચાંદી , હીરા તથા આભૂષણો ની ભેટ આપી અને પાછા વળતાં કર્યા. આ વાત ઊડતી ઊડતી વાણિયા પાસે શેઠ ને પહોચી, મુનીમ પાછા ફર્યા ત્યારે વાણિયાએ કહ્યું મુનીમ સાચી વાત છે, શેઠ ની શિખામણ ઝાંપા સુધી પછી જે કરવાનું આવે એ બુદ્ધિથી જ કરવું પડે નહિતર મરવાનો વારો આવે.

A. G. TEACHERS COLLEGE AHMEDABAD 380 009

I/C Principal
A. G. TEACHERS COLLEGE, CTE,
AHMEDABAD

## "કરેલુ ક્યાંય જતુ નથી"

બારોટ પ્રિયંક દિનેશભાઇ



ચાલો , આજે ગામડા ના એક પરિવાર ની કહાની સંભડાવું . આ એક ગરીબ પરિવાર ની વાત છે . ગામડા ના આ પરિવાર માં માતા પિતા અને એમના બે સંતાન રહેતા હતા . માતા નું નામ સિતાબેન અને પિતા નું નામ જસવંતભાઈ અને એમના બે દિકરા એમાં એક નું નામ કરણ અને બીજા નું અર્જુન હતું. બંને દિકરા ભણવા માં ખૂબ હોશિયાર હતા અને બંને જણા એકબીજા ને ભણવામાં હરીફાઈ આપતા પરંતુ માતા પિતા ની આર્થિક પરિસ્થિતી સારી ન હતી . માતા -પિતા એમના બંને દિકરા ની ભણવા પ્રત્યે રુચિ જોઇને નક્કી કરી લીધુ કે આપણે ભલે રાત-દિવસ મજૂરી કરવી પડે પણ આપણે બંને દીકરા ને ખૂબ ભણાવીશું .

માતા પિતા એ નક્કી કર્યું એમ ખૂબ કાળી મજૂરી રાત દિવસ કરી ને બંને દીકરા ને ભણાવ્યા . કરણ અને અર્જુન બંને ને શહેર માંથી સારી કંપની માં નોકરી માટે નો પ્રસ્તાવ આવ્યો . આજ દિવસો માં આમના માતા સિતાબેન બીમાર પડયા અને એમની પરિસ્થિતી ખૂબ ગંભીર હતી. અને પિતા ની હવે ઉંમર થઇ ગઇ હોવાથી તેઓ ઘરને અને સિતાબેન ને સાચવી શકે તેમ ન હતા . બંને ભાઈ ભેગા થાયા અને વાત કરવા લાગ્યા કે હવે શું કરશું . અર્જુન કરણ ને કહે છે કે તું અહિયાં રે હું શહેર જાવ છુ અને ત્યાં નોકરી કરિશ અને ઘરે પૈસા મોકલાવીશ તું મમ્મી પપ્પા નું ધ્યાન રાખ પછી અમને સારું થાય એટલે તને બોલાવી લઇશ . કરણ માની ગયો અને અર્જુન શહેર જતો રહ્યો .

હવે અર્જુન ના ગયે ૨ મહિના થઇ ગયા છે પરંતુ ના તો અને કોઇ પૈસા મોકલાવ્યા નાતો મમ્મી ની ખબર પૂછવા આવ્યો . કરણે પત્ર પણ લખ્યા પણ કોઇ જવાબ આવ્યો નહીં એટલે કરણ ઘર ચલાવા અને માતા ની દવા પૂરી પાડવા અને ગામડા માં ક્યાય નોકરી ના માડતા મજૂરી કરવાનું શરૂ કરી દીધું. કેટલાક મહિના પછી અર્જુન નો પત્ર આવ્યો અને એમાં લખ્યું હતું કે તેને ત્યાં લગ્ન કરી દીધા છે અને હવે એ ઘરે ક્યારે પાછો નહીં આવે અને કરણ ને કીધું કે તું એકલો અહી આવી જા તને સેટ કરી દઉ પણ કરણે પોતાના માતા પિતા ની સેવા કરવાનું નક્કી કર્યું અને પત્ર લખ્યો કે તે શહેર નહીં આવે. થોડા જ મહિના માં કરણને બીજી એક કંપની માથી પ્રસ્તાવ આવ્યો કે તમે અહી આવી જાવ તમારા પરિવાર નો રહેવા , જમવા , દવાખાના નો ખર્ચ કંપની આપશે . આ સારી ખબર સાંભડતા જ માતા પિતા ખુશ થઇ ગયા અને ત્રણે જણા શહેર આવી ગયા . શહેર જતાં થોડા સમય માં ખબર પડી કે અર્જુન જે કંપની માં નોકરી લાગ્યો હતો તે બંદ થઇ ગઇ છે અને અર્જુન જુગાર ની લતે ચડતા દેવા માં ડૂબી ગયો છે અને ભાડા ના મકાન માં રહે છે. કરણ ને ખબર પડતાં તેણે અર્જુન ને મદદ કરી અને બંને જણા ને પોતાની સાથે રેહવા બોલાવી દીધા . અર્જુન એ પોતાના માતા પિતા અને ભાઈ કરણ ની માફી માંગી અને રડવા લાગ્યો .

સિતાબેન અને જસવંત ભાઈ પોતાના દીકરા કરણ ની આ પરોપકાર ની ભાવના અને દીકરા નો પોતાના પ્રત્યે સેવા અને આદર જોઈને રડી પડયા અને તેને ગળે લગાવી ખૂબ આશીર્વાદ આપ્યા. આમ અત્યારે બધા સાથે રહે છે પરંતુ અર્જુન અને તેની પત્ની શરમ અને લાચારી ભર્યું જીવન જીવી રહ્યાં છે.

બોધ : હમેશાં સારા કાર્ય કરવા જોઇયે અને લાલચ માં આવી કોઇની સાથે દગો ના કરવો જોઇએ કેમ કે માતા પિતા નું સુખ દરેક ને નથી મડતું . કરણ એ કરેલ સાચા દિલ થી મેહનત અને સેવા નું અને પરિણામ સારું મડયું અને અર્જુન ને તેના ખરાબ કર્મ નું . તેથી જ કહવાય છે " કરેલું ક્યાય જતું નથી " પછી તે સારું હોય કે ખરાબ .

A. G. TEACHERS COLLEGE, AHMEDABAD 380 009

I/C Principal
A. G. TEACHERS COLLEGE, CTE
AHMEDABAD

## "ઊંઘતાને પાડો ને જાગતાને પાડી"

Name : Mithapara sweata



વાર્તા : એક ગામમાં બે મિત્રો રામુ અને શ્યામુ હતા. બંને ના ઘરે ભેંસ હતી. તે બંનેના ઘરે ભેંસ વિસવાની હતી. તે બંને પોતાની ભેંસનું ખુબ સારી રીતે ધ્યાન રાખતા. ભેંસને ખુબ ખોરાક અને પાણી આપતા અને સારી રીતે સાચવતા. સમય ધીરે ધીરે પસાર થતો ગયો. બન્ને મિત્રો માંથી રામુ રાત્રે જાગીને પણ પોતાની ભેંસનું ધ્યાન રાખતો પરંતુ શ્યામુ રાત્રે સૂઈ જતો. હવે 1 રાતે રામુ અને શ્યામુ બનેંની ભેંસ ને પાડો અને પાડી આવી. રામુ જાગતો હતો અને શ્યામુ સૂતો હતો.રામુએ આ વાતનો લાભ ઉપાડ્યો અને તેની ભેંસનો પાડો શ્યામુની ભેંસની પાડી સાથે બદલાવી લિધો. બીજા દિવસે શ્યામુ સવારે જાગીને જોવે છે કે એને પાડો મળિયો અને રામુને પાડી મળી.

આ વાર્તા પરથી કહી શકાય કે ઊંઘતાને પાડો ને જાગતાને પાડી.

## "હાથી જીવતો લાખનો મરે સવા લાખનો"

NAME –MALEK SHABANAM BANU IQBAL MAHAMMAD
ROLL NO - 52



ચંદુની પટાવાળાની નોકરી ચાલુ હતી ત્યાં સુધી તો કંઇ વાંધો આવ્યો નહીં પણ રિટાયર્ડ થયા પછી પેન્શનની રકમમાંથી માંડ માંડ ગુજરાન ચાલતું. ગ્રેજ્યુઇટીની રકમ બેંકમાં માસીક આવક યોજનામાં મૂકી. દર મહિને તેનું વ્યાજ આવતું તેથી થોડો ટેકો રહેતો. ૪૦ વરસનો દીકરો કંઇ કરતો નહીં. આખો દિવસ રખડ્યા કરતો તેની વહુ અને બે બાળકોની જવાબદારી પણ ચંદુ પર જ હતી.

ટૂંકી માંદગી પછી ચંદુ જ્યારે અવસાન પામ્યો અને પેન્શન આવતું બંધ થઇ ગયુ પછી તો પરિસ્થિતિ ખૂબ જ વણસી ગઇ. પણ તેમ છતાં ૪૦ વરસના બે બાળકોના પિતાને કંઇ કામધંધો કરવાનું ન સૂઝ્યું. હવે આવકમાં માત્ર વ્યાજની જ અપુરતી રકમમાં પૂરું કરવું મુશ્કેલ જણાતાં મૂડીમાંથી ઉપાડ શરૂ થયો. આમ મૂડી ધીમે ધીમે ખવાતી જશે તો શું થશે તેવા વિચારે તે અવારનવાર વ્યથિત થઇ જતો. તેને કંઇ પણ સૂઝતું ન હતું. બે ચાર ઓળખીતા પાસે નોકરીની વાત પણ કરી પણ કોઇ વાત બની નહીં.

ઘેરી નિરાશામાં તે શૂન્યમનસ્ક બની ગયો. ભાવીની ભુતાવળે તેને અંદરથી હચમચાવી દીધો. દૂર દૂર સુધી કોઇ પણ આશાનું એકેય કિરણ નજરે પડતું ન હતું. ભરડો લઇ જતી ગરીબી ધીમે ધીમે પોતાની ભીંસ વધારતી જશે ત્યારે હતોત્સાહ થઇ ને જોઇ રહ્યા સીવાય તેની પાસે કંઇ નહીં હોય તે વિચારે તેને અધમૂવો કરી નાખ્યો.

એક દિવસ કુરીયર વાળાએ આવીને તેને એક પત્ર આપ્યો. તેણે ખોલીને જોયો તો વિમાનું પ્રિમિયમ ભરવાની નોટીસ હતી તે લઇને તે એલ.આઇ.સી.ની ઓફીસે ગયો. ત્યારે તેને ખબર પડી કે પપ્પાએ ત્રણ વરસ પહેલાં તેમનો પોતાનો વીશ લાખનો વિમો ઉતરાવ્યો હતો.

મનોમન તે પોતાના પપ્પાની દુરંદર્શીને વંદન કરી રહ્યો. અને બોલ્યો હાથી જીવતો લાખનો પણ મરે તો સવા લાખ નોકરી.

I/C Principal
A. G. TEACHERS COLLEGE, CTE,
AHMEDABAD

# <u>"સંપ ત્યાં જંપ"</u>

**Ghanchi Akilmahmad Hajibhai**
**B.Ed Sem-2 ( 2021-23 )**



ઘાણાં વરસો પહેલાં એક દિવસ દરજીનાં ત્યાં કાતર અને સોય બાજુ બાજુમાં પડ્યા હતાં. બન્નેને વિચારો આવ્યાં કરતાં કે તે જે કામ કરે છે તે બીજાના કરતાં ખૂબ જ મોટું અને અગત્યનું કામ છે.તેઓ બન્ને અંદરો અંદર ઝઘડવા લાગ્યા. ત્યારે સોયે ગુસ્સામાં આવીને કહ્યું અરે કાતર તું શેની મોટી-મોટી વાતો કરે છે,ડંફાસો મારે છે,તારું કામ તો ભાગલા પાડવાનું છે. તું તો જ્યાને ત્યાં ચીરા કરીને એકતાને તોડી નાખે છે અને જો હું તો બધાને જોડવાનું કામ કરું છુ.વળી ભાગલા પાડે છે તું અને બધુ જોડવું પડે છે મારે તારા લીધે મારે કેટલું હેરાન થવું પડે છે. એટલામાં કાતર કહે છે કે અરે સોય હું જ્યાં ભાગલા પાડું છુ,ચીરા કરું છુ તેનાથી કઈક નવું જ બને છે,નવું સર્જન થાય છે. જે લોકોને ખુબજ ઉપયોગમાં આવે છે. જો હું કાપુ જ નહીં તો તને સીવવાનું કામ જ ના મળે,તું તો બેકાર થઈ જાય જો હું છુ તો ને તો જ તું છે નહિતર તારી જરૂર પણ શી પડે.એક બીજા ઉપર આરોપ કરતાં કરતાં સોય અને કાતર લડતા હતાં એટલામાં જ ત્યાં દરજી આવે છે અને તેને હસતાં-હસતાં કહ્યું તમે બન્ને ખોટા કામનો ઝઘડો કરો છો. મારે તો તમારા બન્નેની જરૂર પડે છે,તમારા બંનેનું કામ ખુબજ ઉપયોગી છે.આ જોવો, ત્યાં દરજી એક કાપડ લે છે કાપડને કાતર વડે તેને કાપે છે અને સોય વડે તેની સિલાઈ કરીને એક સરસ મજાનું શર્ટ બનાવે છે અને એક નાના બાળક ને બોલાવીને તે શર્ટ તેને પહેરાવે છે. અને બાળક તે શર્ટ પહેરીને જોર જોરથી તાલિયો વગાડવા લાગે છે, ખૂબ ખૂસ થઈ જાય છે તે બાળક. ત્યારે કાતર અને સોય સમજી જાય છે કે જો નવા કપડાં બનાવવા હોય તો બંનેની ખુબજ સરખા પ્રમાણમાં જરૂરત પડે છે.તેના પછી બંનેમાં ખુબજ સારો સંપ થઈ ગયો અને તેના પછી તે ક્યારેય ઝઘડયા નથી. તે આજ સુધી એક કાપવાનું અને એક જોડવાનું કામ કરે છે. તો સોય અને કાતર ની જેવી રીતે એક સંપ રાખીને રહેવું જોઇયે. દરેક ને સંપમાં રહેવું જોઇયે તો જ કઈક નવું સર્જન કરી શકાય. એટલે જ સંપ ત્યાં જંપ.

A. G. TEACHERS COLLEGE AHMEDABAD 380 009

I/C Principal
A. G. TEACHERS COLLEGE, CTE,
AHMEDABAD

"મીઠાં મધુને મીઠા મેહુલા રેલોલ,
એથી મીઠી તે મોરી માત રે,
જનનીની જોડ સખી નહી જડે રે લોલ."

Mansuri Akshabanu Shakilbhai



એક પરિવારમાં ત્રણ જણનું સુખી કુટુંબ રહે. માતા-પિતા અને એક દીકરો. દીકરાનું નામ પીન્ટુ. પીન્ટુ દસેક વર્ષનો હતો. ઘરમાં બીજુ કોઈ છોકરું નહોતું એટલે પીન્ટુની મમ્મી એની પાસે નાનાં મોટાં ટાંપા કરાવતી હતી. છોકરો સમજણો થયો હતો. મા એને કામ કરાવતી એ એને ગમતું નહીં. એ વિચારવા લાગ્યો કે બહાર લોકો નોકરી કરે એને તો કામ કરવાના પૈસા મળે છે, જ્યારે મમ્મી મારી પાસે આટલું બધું કામ કરાવે છે તોય પૈસા આપતી નથી. આવું વિચારી એણે મા પાસેથી કામના પૈસા લેવાનું નક્કી કર્યું.

એક દિવસ પિન્ટુએ એક ચિઠ્ઠી તૈયાર કરી. એમાં લખ્યું : "કરિયાણાની દુકાને ચાની ભૂકી લેવા ગયો એનો ૧/- રૂપિયો, બપોરે સ્કૂલેથી આવીને દૂધ લેવા ગયો એનો ૧/ રૂપિયો બાજુની સોસાયટીમાં માસીને બોલાવવા ગયો એના ૨/- રૂપિયા, સાંજે ધાબા પરથી જૂનો સામાન ઉતાર્યો એનો ૧/- રૂપિયો, અને વરસાદ આવતાં સુકાવેલ કપડાં લીધાં એના ૨/- રૂપિયા., માટે તારી પાસેથી મારે કુલ લેવાના ૭/ રૂપિયા. હિસાબની ચિઠ્ઠી તૈયાર કરી પીન્ટુએ માના ઓરડામાં મૂકી દીધી. સાંજે માએ ચિઠ્ઠી જોઈ. એ કંઈ બોલી નહીં. એણે બીજી એક ચિઠ્ઠી લખી અને એ જ ઓશીકા નીચે મૂકી દીધી.

પીન્ટુને એમ કે મા કાં તો પૈસા આપી દેશે અથવા તો એને ફટકારશે. પણ એવું કશું ના થયું. મા તો એની રીતે રસોડામાં જઈ રસોઈ કરવા લાગી. ઘણી બધી રાહ જોઈ પીન્ટુ ઓરડામાં ગયો અને ઓશીકા નીચે જોયું. ત્યાં એને બીજી એક ચિઠ્ઠી મૂકેલી જોવા મળી.એ ચિઠ્ઠી એ વાંચવા લાગ્યો. એમાં લખ્યું હતું કે - તને નવ મહિના પેટમાં રાખ્યો એના - શૂન્ય રૂપિયા, પ્રસૂતિની પીડા વેઠી તને જન્મ આપ્યો એના - શૂન્ય રૂપિયા, વર્ષો સુધી તારું છી અને પેશાબ ધોયાં એના - શૂન્ય રૂપિયા, રાત રાતભર તને હીંચકો નાંખ્યો એના - શૂન્ય રૂપિયા, તને ભણાવીને મોટો કરી રહી છું એના - શૂન્ય રૂપિયા, માટે તારી પાસેથી મારે કુલ લેવાના - શૂન્ય રૂપિયા.

કારણ કે માના પ્રેમનું કોઈ મૂલ્ય નથી હોતું. અને એ કોઈ ચૂકવી પણ નથી શકતું. ચિઠ્ઠી વાંચી પીન્ટુ મમ્મી પાસે દોડી ગયો અને એને વળગીને ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યો. માએ એને ગળે વળગાડી દીધો. અને એ પણ રડી પડી.

A. G. TEACHERS COLLEGE AHMEDABAD 380 009

I/C Principal
A. G. TEACHERS COLLEGE, CTE,
AHMEDABAD

## "ઘરડા ન હોય તો ગાડા પાછા વળે"

Name : PRUTHVIRAJ PARMAR



સામાન્ય રીતેએમ બોલાય છેકે"ઘરડા ગાડા પાછા વાળે" પણ સાચી કહેવત એમ છેકે "ઘરડા ન હોય તો ગાડા પાછા વળે"

આ કહેવત પાછળની કથા એવી છે કે એક વરરાજાના બાપે નક્કી કર્યું કે આપણે જાનમાં કોઈ ઘરડા માણસને લઇ જવો નથી. આથી બધા ઘરડા સગાઓએ અંદરોઅંદર નક્કી કર્યું કે આપણે છાનામાના સતાંઇને જાનમાં જઈશ.

હવે બન્યું એવું કે જાન નીકળ્યા પછી સામેથી કન્યાના બાપે એક શરત મૂકી કે અમારા ગામનું તળાવ ઘી થી ભરી દો,પછી જ અમે કન્યા આપીશ. વરરાજાના બાપ તો મજાંઈ ગયા, શું કરવું તે સૂઝ નહતી પડતી. બધાની સલાહ લીધી પણ કોઈને સમજણ ન પડતી કે શું કરવું ? આમ તો જાનના ગાડા પાછા વાળવા પડે તેવી પરિસ્થિતિ પેદા થઇ. ત્યાં અચાનક પેલા સતાંઈ ને આવેલા અનુંભયવી ઘરડાઓ બહાર નીકળ્યા, અને બોલ્યા અમારી પાસે એક ઉપાય છે. એટલે વરના બાપાએ આ ઘરડાઓને કન્યાપક્ષ સાથે વાત કરવા મોકલ્યા. તેમણે જઈ ને એટલુ જ કહ્યું કે તમે પહેલા તળાવ ખાલી કરી દો. પછી અમે તેને ઘી થી ભરી દઈએ. આ ચટુર જવાબ સાભાંળીને કન્યાના બાપે જાન વધાવી લીધી. ત્યારથી જ કહેવાય છે કે "ઘરડા ન હોય તો ગાડા પાછા વળે".

## "ધીરજ ખુટવી"

Name : Komal dubey



એક વખતની વાત છે .એક મગનપુર નામક ગામ હતો .ત્યાં એક સોહન નામક છોકરો તેના નાનકડા એવા કુટુંબ જોડે નિવાસ કરતો હતો.સોહન અને મોહન બંને ભાઈઓ હતા સોહન મોટો ભાઈ હતો જ્યારે મોહન નાનો ભાઈ હતો. બન્ને ભાઈઓ એક જ નિશાળમાં ભણતા હતા જેને સોહન તેના માતા-પિતાની એકલી સંતાન હતી એ વખતે તેના માતા-પિતા તેના પર પૂરતું ધ્યાન આપતા હતા તેની બધી જ સગવડી મળે તેવો પ્રયાસ કરતા હતા નાનપણમાં તે ભણવામાં બહુ જ હોશિયાર હતો પણ જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ તેને ભણવા પ્રત્યે ની લાગણી ઓછી થતી ગઈ જ્યારે તેને સ્કૂલમાં મુકવાનું શરૂ કર્યું એ વખતે મોહન સાતમા ધોરણમાં ભણતો હતો અને મોહન બાળવર્ગમાં હોવાથી તે સારા માર્ક્સ દ્વારા ઉત્તિર્ણ થયો  તેના માતા-પિતા સોહન ને તેના ભાઇ સાથે તુલના કરવા લાગ્યા વારેઘડીએ ટહુકા મારવા લાગ્યા જેના લીધે તે એકલા પણ નો શિકાર થઇ ગયો પોતાને ખૂબ જ કમજોર ગણવા લાગ્યો હતો દિવસેને દિવસે તેની માનસિક શક્તિ દૂર થતી ગઈ અને એણે સારા નંબર પ્રાપ્ત કરવા ખૂબ જ પ્રયત્ન કર્યો પણ એને સફળતા મળી અને એની દિવસ  રાત કરેલી મહેનત ન ફડી. એકલતા ના લીધે તેની ધીરજ ખૂટી ગઈ તેણે તેનો જીવ ગુમાવવાનો પ્રયત્ન કર્યો અને છેવટે તે દેવલોક પામ્યા. જો તેને ધીરજ જાળવી હોત તો એ એના જીવનમાં કંઈક તો સારું બનત જ.

A. G. TEACHERS COLLEGE AHMEDABAD

I/C Principal
A. G. TEACHERS COLLEGE, CTE
AHMEDABAD

## "અધૂરો ઘડો છલકાય ઘણો"

Name : Pancholi Riya C



ઉજ્જૈન નામની નગરી હતી. તેમાં બે જ્યોતિષ રેહતા હતા. શ્રી આદિત્યનાથ અને શ્રી શાલિભદ્ર. શ્રી શાલીભદ્ર વિદ્વાન હતા તે સ્વભાવે શાંત અને નિરાભિમાની હતા.તેમને કોઈ જ બાહ્ય આડંબર ન હતો.શ્રી આદિત્યનાથ સ્વભાવે ઉગ્ર અને અભિમાની હતા.

એક દિવસ રાજાએ પોતાનું ભવિષ્ય ભાખવા બંને જ્યોતિષોને રાજદરબારમાં બોલાવ્યા બંને પંડિતોને પોતાનો સ્વ પરિચય આપવા કહ્યું. સૌ પ્રથમ શ્રી આદિત્યનાથ તે પોતાનો પરિચય આપતા કહ્યું ,'રાજા ની જય હો! હે રાજન મે કાશીમા બહુ જ મોટા જ્યોતિષી પાસેથી જ્યોતિષ વિદ્યા શીખી છે મને ચારે વેદો કંઠસ્થ છે. ભગવદગીતા ઉપનિષદો વગેરેનું જ્ઞાન છે. જ્યોતિષશાસ્ત્ર,દર્શનશાસ્ત્ર વગેરે જેવા તમામ શાસ્ત્રોનું મેં અધ્યયન કર્યું છે હું તમને ખાતરી આપું છું કે હું ચોક્કસ તમારું ભવિષ્ય ભાખીશ અને એ શત પ્રતિશત સત્ય જ હશે.

રાજાએ શ્રી શાલીભદ્રને પોતાનો સ્વ પરિચય આપવા કહ્યું. તેમણે વિનમ્રતાથી ઉત્તર આપતા કહ્યું 'રાજન તમને મારા સાદર પ્રણામ, આપનું સદા કલ્યાણ હો!' આટલું કહીને શ્રી શાલિભદ્ર ચૂપ થઈ ગયા.

રાજાએ કહ્યું શ્રી શાલિભદ્ર તમે તમારો પરિચય નહિ આપો?

શ્રી શાલિભદ્ર હસતા મુખે ઉત્તર આપતા કહ્યું ,'હે રાજન મને મારા ગુરુજનો અને ભગવાનના આશીર્વાદ પર શ્રદ્ધા છે માં સરસ્વતીની કૃપાથી તમારું ભવિષ્ય ભાખવાનો પ્રયત્ન કરીશ.

રાજા ચતુર હતા એ તરત સમજી ગયા કે શ્રી આદિત્યનાથ મા આવડત ઓછી છે અને દેખાડો વધારે કહી રહ્યા છે જ્યારે શ્રી શાલિભદ્ર પુરા જ્ઞાની હોવા છતાં તેમના જ્ઞાનનો રતીભાર પણ ઘમંડ નથી કરતા.

રાજાએ પોતાનું ભવિષ્ય શ્રી શાલિભદ્ર સાથે જ જોવડાવ્યું અને તેમને સો સોનાના સિક્કા આપ્યા.

" અધૂરો ઘડો છલકાય ઘણો , ખાલી ચણો વાગે ઘણો "

આપણે આપણા જ્ઞાનનું ક્યારે પણ અભિમાન કરવું જોઈએ નહિ.

બોધ : જ્ઞાની માણસ ક્યારે પણ પોતાના જ્ઞાનનો ખોટો આડંબર કરતો નથી જ્યારે અધૂરો જ્ઞાની માણસ પોતાના જ્ઞાનનો ખોટો આડંબર કરે છે.

A. G. TEACHERS COLLEGE AHMEDABAD 380 009

I/C Principal
A. G. TEACHERS COLLEGE, CTE,
AHMEDABAD

# "માણસની મૈત્રી મોંઘી પણ પડે"

Name : Ubhadiya Hiten G.

Roll No : 50 B.Ed. Sem - 2



એક માણસ જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો. સામેથી વાઘ આવી રહ્યો હતો. વાઘથી પોતાની જાતને બચાવવા માટે તે ફટાફટ એક ઝાડ પર ચડી ગયો. ઝાડ પર ચડ્યા પછી એને સમજાયું કે ઉતાવળમાં બહુ મોટી ભૂલ કરી છે, કારણ કે તે ઝાડ પર એક જંગલી વાંદરો બેઠેલો હતો. માણસને બંને બાજુ પોતાનું મોત દેખાવા લાગ્યું, નીચે વાઘ અને ઉપર જંગલી વાંદરો.

ડરી રહેલા માણસને જોઈને વાંદરાએ કહ્યું, અરે ભાઈ ! ડર નહીં હું તને હેરાન નહીં કરું ગમે તેમ તો પણ તું મારો વંશજ છે. તને મારાથી કોઇ નુકસાન નહીં થાય એની ખાતરી આપું છું. વાઘ નીચેથી ખસવાનું નામ લેતો નથી અને આમ ને આમ રાત પડી ગઈ. વાંદરાએ અને માણસે વારા-ફરતી સૂઈને રાત પસાર કરવાનું નક્કી કર્યું.

માણસ સૂતો હતો અને વાંદરા નો જાગવાનો વારો હતો. વાઘે કહ્યું યાર આપણે બંને તો પ્રાણીઓ છીએ નાત ભાઈ કહેવાય. માણસ આપણી નાત બાર નો છે એને નીચે ધક્કો માર એટલે મારું કામ પતે. વાંદરાએ કહ્યું એ માણસ મારા વિશ્વાસે ઊંઘી રહ્યો છે, મારા પર મૂકેલા વિશ્વાસનો હું વિશ્વાસઘાત ન કરી શકું. થોડા સમય પછી વાંદરાનો સુવાનો વારો અને માણસનો જાગવાનો વારો આવ્યો. વાઘે માણસને લાલચ આપતા કહ્યું, આ વાંદરા ને ધક્કો મારીને નીચે પાડ તો હું તને જીવતો જવા દઉં. માણસે તો કોઈ પણ જાતનો વિચાર કર્યા વગર વાંદરાને ધક્કો માર્યો અને નીચે ફેંકી દીધો. વાંદરો આ બધી વસ્તુથી ટેવાયેલો હોવાથી નીચે પડતાની સાથે જ છલાંગ લગાવી ઉપર આવી ગયો. પછી માણસની સામે જોઈને એટલું જ કહ્યું, હવે કોઇને એમ ન કહેતો કે અમે વાનરોના વંશજ છીએ.

બોધ: બીજા પર વિશ્વાસ મુકતા પહેલા સો વાર વિચાર કરવો અને કોઈ આપણા પર વિશ્વાસ રાખીને સૂતું હોય તો એને ધક્કો મારવાનું કામ કરવું નહીં.

A. G. TEACHERS COLLEGE AHMEDABAD 380 009

I/C Principal
A. G. TEACHERS COLLEGE, CTE,
AHMEDABAD

" ભેંસ ભાગોળે,છાશ છાગોળે ને ઘેર ધમાધમ."

નિમેષ જી.ચૌહાણ



એક વખત એક ગામમાં બે ભાઈઓ રહેતા હતા.

ભગો અને જગો.

બન્યું એવું કે બાજુના ગામમાં ભુરાભાઈ ભેંસ વેચવા માટે ફરતા ફરતા ગામની ભાગોળે આવ્યા.

અને આ વાત ફરતી ફરતી ભગાને જગા પાસે આવી.

ભગો કે, " જગા આપણી પાસે ભેસ નથી. લેવી છે?"

જગો કે, " હોવ લઈએ ને પછી એ ય ને દૂધ દોશું."

ભગો કે, " ને પછી એ ય ને એના દૂધ પીશું."

જગો કે, " એ ય તે પેટ ભરીને પીશું."

ભગો કે, "ને તો ય પાછા વધશે."

જગો કે, " ને વધશે તો એના દહી કરશું."

ભગો કે, "ને પછી એ ય ને એ દહી ખાશું."

જગો કે, "એ ય તે પેટ ભરીને ખાશું."

ભાગો કે , "ને તો ય પાછા વધશે."

જગો કે, "ને વધશે તો એની છાશ કરીશું."

ભગો કે, "એ ય તે પેટ ભરીને પીશું."

જગો કે, "ને તોય પછી વધશે."

ભગો કે, " વધશે જ નહીં ને...! હું બધી પી જઈશ."

જગો કે, " પણ તોય જો વધી......"

ભગો કે, " ના કીધું ને...! વધશે જ નહીં...! હું બધી પી જઈશ."

જગો કે, " દૂધ પીધા , દહી ખાધા, ને તોય બધી છાસ પી જઈશ?"

ભાગો કે, "હોઉં...."

જગો કે, " શરમ કર શરમ કર. તું તો માણસ છે કે પાડો!"

તે એમ કરતા બે ય ઝઘડિયા

ને એવા ઝઘડિયા તે કેવા ઝઘડિયા

ધમાધમ ઝઘડિયા

ને આ જોઈને ગામનું કોઈ ડાહ્યો માણસ બોલ્યો,

" ભેંસ ભાગોળે,છાશ છાગોળે ને ઘેર ધમાધમ."

A. G. TEACHERS COLLEGE AHMEDABAD 380 009

I/C Principal
A. G. TEACHERS COLLEGE, CTE,
AHMEDABAD

"દયા ડાકણને ખાય"

નામ : ગમાર જાગૃતિ. બી

રોલ નંબર : ૧૫

વિષય : ગુજરાતી



સોનગઢ નામના ગામમાં ભૈરવ નામનો એક ભિખારી રહેતો હતો. ભિખના ધંધામાંથી તો તેનું પેટ ભરાય તેટલા રૂપિયા પણ તેને મળતા ન હતા. એક દિવસ પોતાને મળેલું ખાવાનું લઈને બેઠો હતો ત્યાં જ તેની બાજુમાં એક ઘરડો ભિખારી આવીને બેઠો. ભૈરવ જોયું કે એ વૃધ્ધ ભિખારી પાસે ખાવા માટે કાંઈ પણ ન હતું. પોતાની થોડીઘણી રોટલીઓમાંથી થોડી રોટલીઓ તેણે એ વૃદ્ધને આપી. વૃદ્ધે ભૈરવ પર જતી વખતે પોતાના જુના થેલામાંથી ત્રણ ચોખાના દાણા ભૈરવને આપતા કહ્યું, આ સામાન્ય ચોખા નથી, જ્યાં સુધી આ દાણા તારી પાસે હશે ત્યાં સુધી લોકોને તને સામેથી બોલાવીને ખાવાનું આપશે. તારે ભીખ માંગવાની જરૂર નહિ પડે. આટલું કહીને ભૈરવને ત્રણ ચોખાના દાણા આપીને વૃદ્ધ જતો રહ્યો.

ભૈરવને વૃદ્ધની વાતમાં વિશ્વાસ ન બેઠો તેથી તે રોજની જેમ જ ભિખ માંગવા માટે નીકળ્યો. રસ્તામાં એક પૈસાદાર શેઠિયાના જન્મદિન નિમિત્તે જમણવાર ચાલતો હતો. ખાવાનું ઘણું વધ્યું હતું. એક માણસ સામેથી ભૈરવને બોલાવીને ખાવાનું આપી ગયો. લાડવા અને જાતજાતના ફરસાણ ભૈરવને સામેથી મળી ગયાં.

બીજે દિવસે ભૈરવ પડોશના ગામમાં ગયો. એક સાવ અજાણી સ્ત્રી ભૈરવને પોતાને ઘેર બોલાવી ગઈ. તેણે ભૈરવને સારૂ સારૂં જમવાનું આપ્યું. જમ્યા પછી તે ઘરના વાડામાં જ ભૈરવ સૂંઈ ગયો. ઊઠતાની સાથે જ તેણે જોયું કે એ સ્ત્રીની એક મરઘી પેલા ચોખાનો એક દાણો ખાઈ ગઈ હતી ! ભૈરવ હાંફળો ફાફળો થઈ ગયો ! હવે શું કરવું ? તેણે બાકીના બે દાણા સાચવીને પોતાના થેલામાં મૂકી દીધા. અને ઘરની માલિક સ્ત્રી સાથે ખૂબ જ જઘડો કર્યો.તમારી મરઘી મારો જાદુઈ દાણો ખાઈ ગઈ. મને ગમે તે રીતે મારો જાદુઈ દાણો પાછો આપો.

ભૈરવરૂપિયા લઈને ચાલતો થયો. ત્યાંથી તે બીજે ગામ પહોંચ્યો. ત્યાં એક મોટા જમીનદારને ત્યાં પાકની લણણી થતી હતી તેથી મોટો ઉત્સવ ઉજવાતો હતો. જમીનદારની નજર ભૈરવ ઉપર પડી અને તેને પણ ઉત્સવમાં ભાગ લેવા માટે કહ્યું. ભૈરવને ખૂબ સારૂ ખાવાનું મળ્યું સારૂ જમવાને લીધે તેને ત્યાં જ ઉંઘ આવી ગઈ, તેથી તે ત્યાંજ સુઈ ગયો પરંતુ જ્યારે તે ઉઠ્યો ત્યારે આ શું ! તે ચોકી ઉઠ્યો ! જમીનદારનો પાળેલો કુતરો તેના થેલામાંથી ચોખાનો એક દાણો ખાઈ ગયો હતો. હવે શું થાય ! ભૈરવ જમીનદાર પાસે મોટો ઝઘડો કર્યો કે તમારો પાળેલો કુતરો મારો જાદુઈ ચોખાનો દાણો ખાઈ ગયો છે. મને મારો જાદુઈ દાણો પાછો આપો.

જમીનદાર વિચારમાં પડી ગયો કે આનો હવે ઉપાય શું કરવો તેથી તેણે ભૈરવને કહ્યું કે, ભાઈ એ ચોખાનો દાણો તો હું પાછો ના લાવી આપી શકું માટે તું એના બદલામાં આ કુતરાને જ લઈ જા.

ભૈરવ કહ્યું, કે હું આ કુતરાનું શું કરૂં ? મને તો તેના બદલામાં પૈસા આપી દો તેથી જમીનદારે તેને ઘણા રૂપિયા આપીને વિદાય કર્યો.

ત્રીજે દિવસે ભૈરવ એક શહેરમાં ગયો. ત્યાં તે શહેરની રાજકુમારી પોતાની સખીઓ સાથે નદીકિનારે ઉજાણી કરવા આવી હતી. જાતજાતનું સ્વાદિષ્ટ ભોજન તે સાથે લઈને આવી હતી. મહારાણીની નજર એકાએક ભિખારી જેવા ભૈરવ ઉપર પડી તેથી તેમને દયા આવી અને તેમણે ભૈરવને બોલાવીને કહ્યું, તારે જે ખાવાનું જોઈતું હોય તે લઈ લે.

ખાતા ખાતા ભૈરવની નજર રાજકુમારી ઉપર પડી તે અત્યંત સુંદર હતી પોતાની સખીઓ સાથે તે વિવિધ રમતો રમી રહી હતી. તેની સુંદરતા અપ્સરાઓ કરતાં પણ વધારે હતી. એકાએક રાજકુમારીનો દડો ભૈરવના થેલા

A. G. TEACHERS COLLEGE AHMEDABAD

I/C Principal
A. G. TEACHERS COLLEGE, CTE
AHMEDABAD

પર પડ્યો. થેલો નદીના પાણીમાં પડ્યો અને તેની સાથે પેલો છેલ્લો જાદુઈ ચોખાનો દાણો પણ પાણીમાં વહી ગયો.

ભૈરવ બુમાબુમ કરી મૂકી, એ થેલો મારે માટે જીવથીયે વધારે અગત્યનો અને કિમતી છે. તેમાં મારો જાદુઈ ચોખાનો દાણો હતો. રાણીએ કહ્યું, કે હું તને એ થેલાના બદલામાં દસ સોનામહોરો આપીશ. લે આ સોનામહોરો અને ચાલતો થા.

પરંતુ ભૈરવને લોભ જાગ્યો. તે વધું ને વધું સોનામહોરોની માંગ કરવા લાગ્યો. રાણીએ સો સોનામહોરો આપવાની તૈયારી બતાવી. પરંતુ ભૈરવ એકનો બે ન થયો તે ન જ થયો. રાણી પાચસો સોનામહોરો આપવા સુધી તૈયાર થઈ. પરંતુ ભૈરવની નજર તો કુંવરી ઉપર હતી. તેણે કહ્યું, મારા જાદુઈ ચોખાના બદલામાં મારે તો તમારી રાજકુમારી જોઈએ છે. મારે તેની સાથે લગ્ન કરવા છે.

રાણીના ગુસ્સાનો પાર ન રહ્યો. પોતે દયા કરીને જેને ફક્ત ખાવા માટે બોલાવ્યો હતો. તે ભિખારી રાજકુંવરીનો હાથ માંગવાની હિંમત કઈ રીતે કરી શકે ? દયા ડાકણને ખાય તે આનું નામ ! રાણીએ સંત્રીઓને બોલાવ્યા, અને તેમને હુકમ કર્યો કે આ ગાંડા ભિખારીને અહીથી બહાર ફેંકી દો. તેનું મગજ ઠેકાણે લાગતું નથી.

આમ, વધું પડતા લોભને કારણે ભૈરવ ભિખારીનો ભિખારી જ રહ્યો.

બોધઃ-પોતાની હેસિયત કરતાં વધારે કે મોટા સ્વપ્ન જોવા નહિ

## "Tit for Tat"

Shah Priyanshi
Roll no. : 39(Sem -2)



Once upon a time ,there was a camel and a jackal in the forest. Both of them became fast friends. They used to wander together on the bank of the river. They helped each other in finding food.

